## ઓપરેશન પહેલાની સૂચનાઓ

**ઓપરેશનનો પ્રકારઃ** :

**દાખલ થવાની તારીખ** :__/__/20__ **દાખલ થવાનો સમયઃ** :__.__ A.M. / P.M.

**ઓપરેશનની તારીખ** :__/__/20__ **ઓપરેશન નો સમય** : __:__AM/PM TO __:__AM / PM

**ડિપોઝીટની રકમ** : ________

૧) ઓપરેશન પતી ગયા પછી ચંદ્રપ્રભુ ક્લિનીક નાઁ રીસેપ્શન પરથી ઓપરેશન ની ડિપોઝીટની ભરેલ રકમ, પહોંચ બતાવી પાછી મેળવી લેવી.

૨) સંજોગોવશાત ઓપરેશન માટે આવી શકય તેમ ન હોય તો (૩ દિવસ) અગાઉ થી જણાવવું અને ડિપોઝિટ ના પૈસા પાછા લઈ જવા, અગાઉ થી જાણ કર્યા સિવાય ઓપરેશન માં નહીં આવો તો ડિપોઝિટ ની રકમ પાછી આપવામાં આવશે નહિ, જેની ખાસ નોંધ લેવી.

૩) દરેક ઓપરેશનની વિગત અને તેમાં રહેલ જોખમો વિષે સંપૂર્ણપણે સમજી ને શીશી સુંઘાડવાની તેમજ ઓપરેશનની લેખિત સંમતિ દરેક દર્દીએ આપવી પડશે. જો કોઈ પ્રશ્ન કે શંકા હોય તો ડૉક્ટર સાથે ઓપરેશન પહેલા વ્યવસ્થિત રીતે સમજીને વિગતવાર સ્પષ્ટતા કરી લેવી.

૪) જો દર્દી દાંતનું ચોકઠું કે આંખ માં કોન્ટેક્ટ લૈન્સ પહેરતુ હોય તો ઓપરેશન રૂમમાં જતાપહેલા કાઢી લેવા જરૂરી છે.

૫) ઓપરેશન વખતે નજીક નાં સગા એ હોસ્પિટલ માં હાજર રહેવું જરૂરી છે.

૬) દર્દીને કોઈ દવા કે ઇન્જેક્શન માફક આવતું ન હોય (દવાની એલર્જી) તેમજ લોહી નું વધારે દબાણ, ડાયાબિટીસ કે વધુ લોહી વહી જતું હોય કે હૃદય ના તેમજ અન્ય રોગ, સગર્ભાવસ્થા વિષે સ્પષ્ટતાપૂર્વક જાણ કરવી આવશ્યક છે.

૭) તમારી સારવાર કરતા અન્ય કોઈ ડૉક્ટરનું નામ અવશ્ય જણાવવું જેથી ઓપરેશન પછી ની સારવાર વિષે તેમને વિગતવાર માહિતી આપી શકાય.

૮) તમારા કોઈ ઓળખીતા ડૉક્ટર ઓપરેશન દરમિયાન હાજર રહેવા માંગતા હોય તો તેમને ઓપરેશનનો સમય અમારી સાથે નક્કી કરીને આપવો જેથી તેમનો વધુ સમય બગડે નહીં.

૯) ઓપરેશનના સમયથી ૮/ ૬ કલાક પહેલા કંઈ પણ ખાવું કે પીવું નહીં અને ભૂખ્યા પેટે જ આવવું.

૧૦) દર્દીએ ઢીલા અને ખુલતાં કપડાં પહેરવાં, ટુથબ્રશ, નેપકીન, થર્મસ, ચમચી, ગ્લાસ વિગેરે રોજીંદા વપરાશની વસ્તુઓ સાથે લાવવી.

૧૧) કીમતી દાગીના કે વસ્તુઓ સાથે લાવવી નહી, તેની સંપૂર્ણ જવાબદારી દર્દીની રહેશે.

૧૨) સ્ત્રી દર્દીએ નેઇલ પોલીશ(Nail Polish)કઢાવીને જ આવવું.

૧૩) ઓપરેશનના દિવસે તમારા જુના રીપોર્ટ, એક્સ-રે, સીટીસ્કેન અને કેસ ફાઈલ સાથે લાવવા જરૂરી છે.

૧૪) ઓપરેશનના આગલા દિવસે પાણીની વરાળનો નાશ લેવો.

૧૫) પુરુષ દર્દીએ દાઢી-મૂછ કાઢી/કઢાવી નાખવા.